શ્રી

ભજનાવળી સંગ્રહ.

જેની અંદર સ્વર્ગની નીસરણી, ગીતાજીના મહીના, કેલછંગા કાચબા-કાચબીનું ભજન અને સુંદરીના મહીના.

છપાવી પ્રસિધ્ધ કરનાર

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણ દરવાજા—અમદાવાદ

આવૃતી ૪ થી ——— પ્રત ૪૦૦૦

અમદાવાદ.

ધી જૅસો પ્રીન્ટીંગ વર્કસ.

સંવત ૧૯૬૨ ——— સન

સ્વર્ગની નીસરણી.

ધન ધનરે આજ ધારણુ ધરીયાં,
દયા કરીને આજ મંદીર આવોરે રામ ૧
ધરમરાજા ધરમ પુરીમાં બેઠા;
વૈશ્નવની વારતા કરોરે રામ ૨
પાપી પાખંડીને બાંધીને લાવો;
વૈશ્નવની વારતા કરજોરે રામ ૩
એમ કરીને ચાર જમડારે ચાલ્યા;
મ્રત્યુ લોકમાં આવ્યારે રામ ૪
પાપી પાખંડીને કેમ ઓળખીયે,
વૈશ્નવ જન કેમ ઓળખીયેરે રામ ૫
સવારના પહોરમાં નહાવુ ને ધોવું;
પુન્યને દાન કાંઇ કરનારે રામ ૬
એ એંધાંણીએ વૈશ્નવ જાણવા,
પાપી ચંડાળ બાંધી લાવોરે રામ ૭
એમ કરીને ચાર જમડારે ચાલ્યા;
રાજાના હાડમાં પેઠારે રામ ૮
પહેલોરે કહે છે હું તો તાવજ થઇશ;
રાજાના હાડમાં પેસુરે રામ ૯
બીજો કહે હું તો વૈદજ થઇશ.

રાજાની નાડીઓ જોઉરે રામ ૧૦
ત્રીજો કહે હું તો જોશીરે થઇશ;
રાજાના જોશ જોઉરે રામ ૧૧
ચોથોરે કહે છે હું શેઠીઓ થઇશ,
બજારે હાટ કાઢી બેસુરે રામ ૧૨
એમ કહીને ચાર જમડારે ચાલ્યા;
રાજાના હાડમાં પેઠારે રામ ૧૩
રાજાની દાશીતો વૈદજ પોકારે;
વઇદના વઇદ બોલાવોરે રામ ૧૪
મંછારામ વઇદ તમે અહીંજ આવો;
રાજાની નાડીઓ જુઓરે રામ ૧૫
તાવ તરીયોને એકાંતરીયો,
મોવીઓ જામર ન જાણુંરે રામ ૧૬
એમ કહીને એક પડીકી આપી;
સાંધાને સાંધા ધડીતા થયારે રામ ૧૭
સગાં વહાલાં સરવે ટોળે થઇ બેઠાં;
અંતરનાં સગાં સોડમાં પેઠાંરે રામ. ૧૮
જીવ જતાં એનો કોઇએ ન જાણ્યો;
પલકમાં દેહજ પડીયોરે રામ ૧૯
લીલુડા વાંસની પાલખી બંધાવો;
ઇચકનાગ ચાર જણારે રામ ૨૦
ચાર જણા એની ચોપાઇ ચાલે,
ફુઃગે પલ્લાણી લીધીરે રામ ૨૧

ચકલા સુધી એને સરવે વળાવે,
વહાલાં વળાવી પાછાં વળીયારે રામ ૨૨
પાછુ વાળીને પ્રાણી શું એ જુઓછો,
કયારે ગયાં સગાં વહાલાંરે રામ ૨૩
વાહાલાં વળાવી તારાં પાછાંરે વળીયાં
વહાલી તે વન કેરી કાઠીરે રામ ૨૪
પહેલે પગથીએ પ્રાણી જેમ તેમ ચડીયા;
બીજે પગથીએ બાલાં દીઠારે રામ ૨૫
આરે બાબામાં હવે કેમરે ચલાશે;
હવેતો શી ગતો થાશેરે રામ ૨૬
બાલા દેખીને પ્રાણી થરથર કંપ્યા
ધુશકે ધુશકે રોવા બેઠાંરે રામ ૨૭
ભલો જમડો જીવને ફરી ફરી પુછે
શારે કરયાં પુન્ય ને દાનરે રામ ૨૮
નથી કરયાં પુન્ય મેંતો નથી કરયાં દાન.
દયાનો મારગ ભુલી ગયોરે રામ ૨૯
હુરે શું જાણું આગળ વિપત પડશે;
જમડાતો માર ઘણો મારેરે રામ ૩૦
લોઢાંની ગેડીઓ વતી પ્રાણીને મારે;
બરકાને બુમો ત્યાં પાડેરે રામ ૩૧
બીજે પગથીએ પ્રાણી જેમ તેમ ચડીયાં,
ત્રીજે પગથીએ ગોખરૂ દીઠારે રામ. ૩૨
આરે ગોખરૂમાં હવે કેમરે ચલાશે;

હવે તો શી ગતો થાશેરે રામ ૩૩
જોરે જોડાના દાન કરયાં હોયતો.
પ્રાણીને પાર ઉતારોરે રામ. ૩૪
જોરે જોડાનો અનુગ્રહ આપ્યો હોય તો.
કેને ભાડે આણી આપુરે રામ ૩૫
ફરી ફરીને મને શુંરે પુછોછો;
નથી કરયાં પુન્યને દાનરે રામ ૩૬
ભલા તે જમડાને દયારે આવી;
જુનો જોડો એને આપ્યોરે રામ ૩૭
ભુડા જમડાની નજરે પડયો તો.
ઘોલો મારી ખુંચી લીધોરે રામ ૩૮
દૈવના ચોર કાંઇ હતા કહેને;
ઉતમ દેહીઓ તમને આલીરે રામ ૩૯
ફરી ફરીને હવે મનખો નહી આવે;
લક્ષ ચોરાસીમાં પડશેરે રામ ૪૦
ત્રીજે પગથીએ પ્રાણી જેમ તેમ ચડીયા,
ચોથે પગથીએ ભુખો લાગીરે રામ ૪૧
આરે ભુખોમાં હવે કેમરે ચલાશે;
હવે તો શી ગતી થાશેરે રામ ૪૨
જુઓ પેલા એ પેલા ભંડાર ભરીઆ;
તેમાંથી શેર અંન અપોરે રામ ૪૩
એકસોને બે વરસ સુધી કમાયો;
ઉખલે ભરડ બળુ બળુરે રામ ૪૪

લક્ષપતીરે ભાઇઓ હું એ કહેવાતો;
વહાણો જેને ઘેર ચાલેરે રામ ૪૫
તેમાંથી કાંઇ તારે હાથ આપ્યાં હોતતો;
તે તારી સાથે આવતરે રામ ૪૬
ચંબુ ઝારીઓ તારી કોરેરે મેલશે;
ખોખરી દુહુણી સાથે આવેરે રામ ૪૭
ચોથે પગથીએ પ્રાણી જેમ તેમ ચડીયા,
પાંચમે પગથીએ રૂધીર દીઠાંરે રામ ૪૮
આરે રૂધીરમાં હવે કેમરે ચલાશે,
હવે તો શી ગતો થાશેરે રામ ૪૯
જોરે ગાયોનાં દાન કરયાં હોયતો.
તરી પાર ઉતારેરે રામ ૫૦
નથી કરયાં પુન્ય મેંતો નની કરયાં દાન;
દયાનો મારગ ભુલી ગયોરે રામ ૫૧
પાંચમે પગથીએ પ્રાણી જેમ તેમ ચડીયા.
છઠે પગથીએ થંભ દીઠારે રામ ૫૨
એરે થંભને પ્રાણી બાથે ભીડાઓ,
અડધુ બળ્યોને અડધ રહેોરે રામ ૫૩
ભાઇરે વૈમાન તારાં ઉભારે રાખ.
તેં તો શાં કરયાં પુન્યને દાનરે રામ ૫૪
ઉનાળે જેણે પરબો મંડાવી,
ચુમાસે આપ્યા વીશ્રામરે રામ, ૫૫
શીયાળે ડગલા ડોટીઓ આપી;

ભુખ્યાને ભોજન આપ્યારે રામ ૫૬
બ્રાહ્મણ શ્રવણને મેંતો સીધાંરે આપ્યા.
તેને પુન્યે વીમાન મળીયારે રામ ૫૭
છઠે પગથીએ પ્રાણી જેમ તેમ ચડીયા,
સાતમે પગથીએ કુંડ દીઠારે રામ ૫૮
ચોરે બેશી જેણે ચાડીઓ ખાધી,
જુઠી સાખ્યો ધણી પુરીરે રામ ૫૯
એ પ્રાણીને પેલા કુંડમાં નાંખો.
એની તે શી ગતી થાશેરે રામ ૬૦
કાનખજુરા એના કાનમાં પેસે,
હાડીયા આંખ્યો કાચેરે રામ;
સ્વર્ગની નીસરણીના સાત પગથીયાં,
ગાય શીખેને જે કોઇ સાંભળેરે રામ. ૬૧
ભટ પ્રેમાનંદ એમજ કહે;
વઇકુંઠ તેનો વાસરે રામ, ૬૨

સમાપ્ત.

સીતાજીના મહીના.

શ્રી ગણેશાએ નમઃ ॥ શ્રી સારદાએ નમઃ ॥ શ્રી ગુરૂભ્યો નમઃ ॥ અથ શ્રી સીતાજીના બાર મહીના લખ્યા છે. ॥

સખી બેસતાં કારતીક માસ કે, કંથ સિધાવિઓ ॥ અતિ ટાઢ કરે ચમકાર કે શિયાળો આવિયો ॥ સખી નાખી ગયો નીરાધાર, મને મુકી પરવર્યો ॥ વઈને થઇ વેરણ રાત. કે જાય ન જીવડો ॥ માસ ॥ ૧

સખી માગશિર મદ જાય. બાળાપણ દોયલું ॥ જેના પીયુ ગયા પરદેશ, સુંખ નહિ સોયલું ॥ સખી સુની સુવાની સેજ સુનઃ ઘર ઓરડા ॥ જેના પિયુ ગયા પરદેશ. તેના દિન દોયલા ॥ માસ ॥ ૨ ॥

સખી પોષ માસે પદ ભુમી, પોતાની સાંભરે ॥ સીતા ઝુરે એ ફલડા આંય, ઉગ્યો દુઃખડાભરે ॥ સખી કોઇ આવે કોઇ જાય સદેશો નાથનો ॥ હજી કાગળ ન આવ્યો કાંઇ હરિના હાથનો ॥ માસ ॥ ૩

સખી આવ્યો હવે માહ માસ સજ્જન મને સાંભરે ॥ એવો વાય હિમાળાનો વાય દેહી મારી થરથરે ॥ સખી પોતાના દિલની વાત, કોની કને બોલીયે ॥ જીવ જોડાઓ રામની સાથ, અવરશું ન બોલીયે ॥ માસ ૪ ॥

સખી ફાગણે ફુલ્યા ફુલ કે, તરૂ તમામના, પણ પિયુ વસે નહિ પાસ ફુલ શા કામનાં ॥ રૂડાં વસંતનાં રાગ હોજી આવી ઢુંકડી જેને વાલા તણો છે વિજોગ શાને બને સુખડી ॥ માસ ॥ ૫ ॥

સખી પીપળે આવ્યા પાન, નાથ ન આવિયા ॥ એ રીતે પાંચે માસ પીડાથી ગમાવિયા ॥ સખી ચઇતરે મારૂ ચિત ચિંતાતુર થા-

ભતું ॥ નાંખ્યો કાગળ કટકો એક સંકટ બહુ ચાલતું ॥ માસ ॥ ૬

સખી વૈશાકે વિપરીત વાત, હિમત મારી ના ટકે ॥ પાકી વ
નની શાખને દ્રાખ, પુડામાંહી સાટકો ॥ સખી ઉનાળે લુ વાય, અગન
અંગમાં ઝરે ॥ હોય નાથ વિખુટી નાર ઝુરી ઝુરી તે મરે ॥ માસ ૭

સખી જેઠે સહચરની સાથ, સરોવર ઝીલતાં ॥ નિજ પીયુ જતાં
પરદેશ રૂદયે નથી ખીલતાં ॥ સખી નાથ વિના નહી ઘોઇ અંબોડાશું
વાળીયે ॥ વિના સ્વામિ વપુ શણુગાર સફળ હવે ટળિયે ॥ માસ ૮

સખી આવિયો અષાડ માસ. વષ્ટી જળ બહુ કરે ॥ બોલે બ-
પૈયા પેઉની પેઉની બોલ, અજંપો અતિ કરે ॥ સખી ઘોર અંધારી રાત
દમકતી દામની ॥ સુના ધણી વેગરનાં ધોળ, સેજે સા કામની ॥ માસ ૯

સખી ભરીયાં સરોવર નીર શ્રાવણ વરસે શાવડે ॥ માન ભી
જાય નવરંગ ચીર આંખેથી આંસુ પડે ॥ સખી પોતાના પેઉશું પ્રીત
કરી તે પાળીયે ॥ બીજા નીચ જનેથી નેહ, તુરત તેહ ટાળિયે ॥ ૧૦

સખી ભાદરવો ભરથાર ઉરે અભિલાખયો ॥ પાકયાં અને વિવિધ
નથી નાથ કહો કેમ ચાખીયે ॥ સખી દુખના દહાડા દશવીશ આઘેરા
ઠેલીયે ॥ એવી લાધણુ પડજો લાખ માયા નવ મેલીયે ॥ માસ ॥ ૧૧

સખી સાંભળ્યું આસો માસે, પથ્થર સમે તારીયાં બાંધી

સગર ઉપર પ્રાજ, વાંદરને ઉતારીઓ ॥ રોળી નાખીઓ રાવણ રાય, સીતા ઘેર લાવિઆ, ॥ અતિ વરત્યો જય જયકાર અયોદ્ધામાં આ- વયા ॥ આવ્યા ભરથ શત્રુગન ભાઇ, ભેટયા સહુ બઇને ॥ સમઇએ હરિનો દાસ, સંભળાવે ગઇ ॥ નર નારી શીખે સુખ સહુ મળે ॥ ભાગે ભવની ભાવટ સરવ સુકત સેહેજે ફળે ॥ રૂડા ગઇને બારે મા સ, બોલો રામના ॥ પોતે શ્રી હરી આપ સમરથ, પુરે મન કામના ॥ બામાસ ૧૨ ॥ સમાપ્ત.

અથ શ્રી કેલઇઓ પ્રારંભ.

શ્રી ગણેશાએનમઃ ॥ શ્રી સારદાએ નમઃ

શેઠ સગાળશા સાધુને સેવે, વાણીઓ પાળે વરત,
ન મળ્યા સાધુને રહ્યા અપવાશી, તારવા આવ્યા તરત;
ક્રશનજી કુંડીયા થઇનેરે, વેશ અતીતનો લઇનેરે,
ચંગાવતીએ ચરણઅ્રત લીધાં, નવરાવીને નાથ;
પલંગ ઉપર પધરાવીને સ્વામી કીધા સનાથ,
ખાતે ભોજન ખીરનાં કીધાંરે પીરશીને આગળ દીધ;
ઘી રોટલી અમે જમતા નથી. અનનો અહાર,
બાઝન લોક અમે માંસના અહારી એમ બોલ્યા કીરતાર;

બાળો વચના બોલ્યા આવુરે; સમજી લેજો સાધુ,
કસાઇવાડે જઇ કરીને; છુપાવી લાવ્યા માંસ.
ચંગાવતીએ રસોઈએ સુધરિ, પિરશિઓ પરસાદ,
વાયુ હાળે નરને નારરીરે, જમો તમે દેવ મોરારી;
અમેરે માટી માણુસની જમીએ, પર માટી ન પ્યાર,
અઘોર પંથમાં રહેવું અમારે, ખેલ ખાંડાની ધાર,
વાણિડા વર્તજ ફળશેરે એવી અવીનાશી મળશે.
માગ્યુ વેચાથી માણુસ ન મળે હઇએથી નહિ ધાર;
માત પિતાએ પરિયાણુ કીધાં, લેઇઓ સંહાર,
વાતો તે રહેશે વિશેકેરે, કેલઇઓ લાલને લેખે;
બણુતો ગણુતો ભાગ્ય કેલઇવા, માન હમારી પ્રતિત.
માત પિતા તારાં મારવાડ બેઠાં, આગણે આવ્યો અતીત;
ધુતારો ધુતીને જોશેરે પછી પસ્તાવો થાશેરે,
એશું બોલ્યા ગુરૂજી અમારા, માવીનર છોડયા હમ જાય;
નવ માસ જેણે ઓદર રાખ્યો, ગુણુ ઓશિગણુી થાય,
બહિત મારી શેરને સાટેરે, શુ થાસે મસ્તક માટે.
હુ ભાગુ તો બોમી લાજે, બોરંગી ના ઝીલે ભાર,
મેર સરીખા ડોલવા લાગે, આકાશરે આધાર;
મેહેરામણુ માઝા મુકેરે કેલઇયો સત્ય ન ચુકે,
રજારે લઇને ત્યાંથી કેલઇઓ, આવ્યો પોતાને અવાસ
માતાયે મુખનાં મીઠડાં લીધાં. નાખીને નિસવાસ,
આવતો ઉરમાં લીધોરે મારવાને પરીયાણુ કીધો;
એશુ બોલ્યા માતાજી અમરા, નાંખી નિસાસો આજ,

સહુ'ગ મનખો કેલછઆનો, માસ જમે મહારાજ;
ધન્ય ધન્ય આજનો દહાડોરે, જુગતે જીવણને જમાડો,
માત પિતાએ બેઓ મળીને, છેદયું કેલછયાનુ શીશ;
અણુઘટતિ તો, એણે કોધિ, જમાડવા જુગદિશ,
ખેલ રચાયો ખરોરે, પ્રભુ હવે પરણું કરો;
નાથ કેછે મારી નજરે લાવો, પુત્ર તમારો છે એહ;
મુસ્તકની તમને માયા લાગી છે, અવિનાશી કહે;
તમે છો નરને નારીને, જુવો મન વાત વીચારી,
ખાંડણું ખાંડો મુખથી હસો, કોરો પાલંવ પર.
આંખમાં તમે આંજણો આજે, મનમાં ન આણો મેહેર,
તમે છો સાચાં સતિરે, એમ બોલ્યા જુના જતિ;
મુસ્તક લઇ ખાંડણીયામાં ખાડે પિતાને વળી માય,
આંખોમાં એમને આંસુ ન આવે, હરખે હાલરડાં ગાય;
ભોજનીયાં તો ભાવશુ કીધારે, પીરશીને આગળ દીધા,
સત્યવાદી તમે સાચાં સતી, સત અમારે છે એહ;
વાંઝીયાનું અમે જમતા નથી, એમ અવિનાશી કેહ.
તમે છો નરને નારીને, જોરી મન વાત વિચારી;
સગાળશાને મનમાં ચોરી, બીજુ ન મળે બાળ.
ભગવાન અહીંથી ભુખા જાયત્રો, નિશ્ચે ખુટયો કાળ;
બંદગીઓ સંતની કરીએરે, નિકર વણુ મારયા મરીએ,
સગાળશા કહે પુરવજનમના, પ્રગટયાં અમારાં પાપ.
ગુરૂ કુભાયે ગોતરી મારયા, મારેલ માને બાપ.
ડુંગરી દવ લગાડયોરે, તે તો મારો ખેલ બગાડયો.

ચંગાવતી કહે પાંચ મહીનાનું મારે છે ઓધાન;
ભલે આવ્યા સ્વામિભવ અમારે, તમ સરિખુ કામ,
ધણી મેં તો તમને ધારયા, તમે મારા ખેલ સુધારયા.
ચંગાવતીએ છરી લીધી, પાળી માંડી પેટ માંય,
અચાનક નાઠા ઉઠીને, બહું નમીએ ઝાલી બાંય.
સાચી છે ટેક તમારીરે, માગો કહે દેવ મોરારી,
કેલઇયાને સજીવન કીધો, બેઠો રમે છે બ્હાર:
સદાય ચરણે રાખો તમારે, દયા કરોને દયાળ.
પછી સતી બોલ્યાં વિચારીરે, સુંદર દેજ્યો ભક્તિ તમારી;
ભણુતો ગણુતો આવ્યો કેલઇઓ, લાગ્યો નાથને પાય.
માતાએ મોતીડે વધાવો, હઇડે હરખ ન માય.
દાતારે તો દરશન દીધાંરે; લાહાવો લાખેણો લીધો.
શગાળશા શેઠ ચંગાવતીએ, એવું ધરાવેલ નેમ.
બામ પ્રતાપે ભણે રટનદાસ. તેને તરછોડારે કેમ.
મોહનજી મળવા માટેરે જાવું વૈકુંઠની વાટે.

ઇતિશ્રી કેલઇઓ સંપુર્ણ.

કાચબા કાચબીનું ભજન.

કાચબો અને કાચબિ, એતો હતાં હરીનાંદાસ.

દરશન કારણ બારણે આવિયા, દાખિને વીશવાસ;
આવતાં નજરે ભાળીયાં, ઝાલીને બાંધી માય.
કુળ કળમાં તું કાચબી કુડી, રામૈયાની રીત છે રૂડી; ૧
કાચબો કહેછે કાચબીને ભુંડી તું ધારણ રાખે ધીર,
આપણા તે ઉગારશે વાલો, જુગતેથી જાદવ વીર;
ચિંતા મેલી ચરણે આવો મરવા તુને નહી દે મારો, ૨
વારે વારે તુને વારતી, મારૂ કંથ ન માન્યું કેણ,
કાળ આઠયો કોણ રાખશે, તમે નીચાં શું ઢાળો નેણ;
પ્રભુ તારો નાવીયો પ્રાણી, માથે આવી મોત નીશાની,
અબળાને ઇતબાર ન આવે, કરે કોટી ઉપાય;
કીધું નમાને કોઇનું એતો ગાયુ પોતાનું ગાય,
એવી વીશવાસની વાણી, પ્રથમ પહેલી મત છે પ્રાણી: ૪
કાચબી કહે કયાં ગયા, તારો રાખણ હારો રામ,
પ્રાણ ગયા પછી પહોચશે, પછી શું કરશે તારા શ્યામ;
મુવા ટાણે મતી મુઝાણી, કુટયા પછી ઝાલવું શું તાણી. ૫
ત્રિકમજી તરણ લોકમાં મારે તમારો વીસવાસ;
આટક કડ ત્યારે આવજો, મારા આતમાના આધાર.
છોગાળાજી વાત છે છેલી, યાજો બળતાના બેલી;
ત્યારે કાચબી કહે કોણ ઉગારે, તારો જાતો રહયો જુગદીશ,
ચાર દીવસથી સળગાવીયાં, લઇરે ઓરયા વીચો વીશ,
આમાંથી જો ઉગરીએ, પાણી બહાર પગ ન ભરીએ ૭
બળનો હોયતો બેશ માંહી, પીઠ ઉપર રાખું પ્રાણ.
નિંદા કરે છે મારા નાથની, એતે મારે છે મુજને બાણ;

વાધો મારો આવશે વારૂ. આપણને ઉગારવા સારૂ ૮
કાચબી કહે કીરતાર ન આવ્યો, અને આપણો આવ્યો અંત,
હરી નથી કોના હાથમાં, તમે તે શું બાંધ્યો તંત;
જેનો વીશવાસ છે તારો, તેનો ઇતબાર નહિ મારે ૯
વીઠલજી મારી વારે ચઢજો, શામળા કરજો સાર,
લાજ લોપાશે લોકમાં, પછી બીજી કોની અહાર;
હરી મારી હાંસી થાશે, પ્રભુ તારી પ્રતીત જાશે, ૧૦
ત્યારે કેશવજીએ કરૂણા કીધી, મોકલ્યો મેગ મલ્હાર,
આધણમાંથી ઉગારીયાં, ઓઢ્યા કાચબાને કીતપર;
ભોજન કહે ભરોસો જેને, ત્રિકમજી તારશે તેને

સંપૂર્ણ.

સુંદરીના મહીના.

આવ્યો કારતકનેરે ટાઢડી ચમકી, ને પેહડે માંડયા પરીયાણ, હુંડમાં હાલક લોલુવ્યાપીને વાલમીએ પુરેલું વાણુ, વાલમીએ પુર્યાં વાણુ તે વાણી, ઝરે નેણ તે નીઝરે પાણી, એમ સેજ સંભળી સુંદરી સુતી આવ્યો કારતકને ટાઢડી ચમકીએ પેહડે ગાંડયા પરિયાણ

નતરે અંગઠી અંગડામાં થાય ને માગશર મહિનામય કંથરે વિનાની કામની સુતીને મીઠડા મોળા અંન તે ભાવે, નાવલીયા વિના નીંદ્રા આવે, એમ કરતાં કરતાં રેણી જાય નતરે અંગીઠી અગડામા થાય. માગશર મહીનામાંય.

પોસ મહીનાની પ્રીત છે દોયલી તે રહે ન શીઆળાની રાત કંથ વીના કામની નારીને જુઠડાં જોબન જાય, જુઠડા જોબન જાય તે જહાંનાં સાંજ પડે ને પીઉ પીઉ કરતા, એમ પીઉડો ગયો છે માથા મેલી પોસ મહીનાની પ્રીત દોયલી.

મહા મહીનામાં નાથને, સોળે સજે શણુગાર. કાંબી કડલાંને વીંછ્વા વાધે છે ઝાંઝરનો ઝમકાર; ઝાંઝરનો ઝમકાર તે કહીએ અંધારી રાતને એકલી છીએ એમ સરવે સુદરી મળી સરોવર જાય, મહા મહીને વરત માનવી નાય.

રૂડીયે રતો વસંતની આવે ને ફુલ્યો ફાગણ માસ હોળી બળેને હઇડામાં દાજેને નારી મેલે નીસાસ, નારી મેલે નીસાસ તે નારી ગયો હંસને હું રહીછું હારી, એમ સરવે સુંદરી મળી સંદેશા કાવે રૂડી રતો વસંતની આવે ને ફુલ્યો ફાગણ માસ.

સતચાળ ચતરના કહિએ ને વનરે પટલીઆ વેસ આંબા આંબાને કોયલ ટઉકે, તોય પીઉ પરદેશ તોય પીઉ પરદેશ તે કહીએ નાગણ ગારો નાવલો કહીએ, અને પાંખો હોય તો ઉડીને જઇએ, સંતચાળા ચઇતરના કહીએ.

વઇશાક મહીનામાં વાદળા હાલેને અગઢે ઉલટ ન માયા સાખ ગલેને સુંદરી જુવે જોબનના દન જાય, જોબનના દન જાય તે જાણુતાં રવી આથમેને પીઉ પીઉ કરતા. સેજે સુતા સાજણા સાલે વઇસાખ મહીને વાદળા હાલે.

આંબા આંબાને જેઠ જણાણોરે વચમાં પાકયાંરે વન કોયલ બાપઇયા પીઉ પીઉ કરેને સઉ નામ લેરે સંજણુ તે અરે ઓતરની વાળી દખણમાં પાણી ભરે એમ વાયા વાને મે તો તાણાણો આંબા આંબાને જેઠતો જણાણો.

અશાઢ ધડુકી ઉલટી આંબ્યાને વીજલું કરે ચમકાર. કોયલ બપઇયા પીઉ પીઉ કરેને મોરલાં કરે મલાર મોરલા કરે મલાર તે

કહીએ અંધારી રાતને એકલા છીએ હજુએ નાથનો સંદેશો ન આ
વ્યો, અશાડ ધડુકી ઉલકી.

શ્રાવણ મહીને સુંદરી રૂવે નયણે ખલકે નીર ટપક ટપક મે
હુલા વરસે ને ભીજાય નવરંગ ચીર ભીજાય નવરંગ ચીર તે મારા
નાથ ગયાને અમને કર્યા નકારા એમ ઉંચી ચઢીને વાટડી જુવે,
શ્રાવણ મહીને સુંદરી રૂવે.

ભાદરવે મહિને અન ન ભાવે યે સુખ નહીરે શરીરે ઉચીરે ચડુ
નીચા ઉતરૂ, જોઉ પીઉની વાટ તે તેઓ પારૂ જોશીડા આવેને
જોશ જોવરાવું. કહો જોશી પીરૂ કદી ધરે આવે ભાદરવે.

આશો મહીને હરી નવ આવ્યા ને ગરબા ગાવા કેમ જાઉ
સેવ સુંવાળી લાવસી રાંધુને વાલા વિના નવ ખાઉ વાલા વિના નવ
ખાઉ તે ખારૂ, શરીર શોભાવું લાગે નહી સારૂ. જો ધરે હોય પીરૂ
તો લાગે પ્યારા આસો મહિને નવ આવ્યા.

અદક માસે હરી ઘેર પધાર્યા સુખ થયું શરિર સરવે સુખવું
ભેભા મળીને, નવલી બની સઉ નાર તે નાર નવલી બની સઉ નાર
મેતા દામજીએ વાન ભણી સારી નથ આવ્યા તે સઉ કામે સધર્યાં
અદિક મહીને હરી ઘેર પધાર્યા.

સમાપ્ત

પૃથુરાજ ચહુઆણ.

ઐતિહાસિક વિરસ પ્રધાન્ય વાર્ત્તા.

ભારત વર્ષના છેલ્લા રજપુત મહારાજા મહાપરાક્રમી અને પ્રબળ પ્રતાપી પૃથિરાજ ચહુઆણનુ નામ આર્યોના મનમાં રમી રહેલું છે પ્રથિરાજ એ શબ્દ શ્રવણેન્દ્રીય ઉપર આવતાં મનુષ્યનુ હૃદય પ્રફુલિત બને છે ગર્વનાં અંકુરો સ્ફુરાયમાન્ થાય છે મુખમુદ્રા આણંદી બને છે અને પ્રેમથી એ મહાન્ નરરત્નની વાર્ત્તા સાંભરવા પ્રત્યેક સમજુ ઉત્સુક થાય છે એ પ્રતાપી પુરૂષનાં પરાક્રમનાં ગુજરાતી ભાષામાં સક્ષરો તરફથી જો કે બાષાંન્તરો થયાં છે તોપણ જેમ એક કવિ કહી ગયો છે કે—નવીનમા મોહ વધે વધારે તદનુ સાર અમોએ મહદ પરાક્રમી વીરમાં અદ્ભુત પરાક્રમો જે આ અમારા તરફથી પ્રસિદ્ધ થતાં વિશ્વ સમુદાયના મનનુ આકર્ષણ કરેલુ છે, જેથી બ્યાંસના લેખ સબંધે અત્રે વિવેચન કરવાની અગત્ય નથી. આ પુસ્તકમાં શૃંગાર, વીર, અદ્ભુત અને કરૂણા રસ એવી તો અવર્ણ્ય નીય ખુબીથી લખવામાં આવેલ છે કે—જે માટે અત્રે વિવેચન કરવુ નકામું છે કારણ કે હાથ કંકણને આરસીની જરૂર નથી ' સગુણ કૃમકુના ' કિમ્મત રૂ. એક ટપાલ ખર્ચ જુદૂ.